Phone No.0091-261-2420097/2424458 Fax No.0091-261-2450222 JANUARY - 2016

VOHRA SAMACHAR VALID UP TO 31-12-2017.
Licence No.040 inland 081 For Foreign
PUBLISHED ON LAST DATE OF EVERY-MONTH , AT NATRAJ PRINTERS, SURAT

RNI No.9372/57"Registerd No.SRT-004/2015 -2017"
2700 Copies Posted at SR RMS at 3rd of Every month
on date of posting 03 - 01- 2016

**વહોરા સમાચાર લવાજમના વાર્ષિક દર નીચે પ્રમાણે છે.**
દેશમાં વાર્ષિક લવાજમ રૂા.૧૨૦,પરદેશમાં વાર્ષિક લવાજમ (બાય એર મેલ) રૂા.૭૦૦,દેશમાં લાઇફ મેમ્બર ફી રૂા.૨૦૦૦, પરદેશમાં લાઇફ મેમ્બર ફી રૂા.૩૫૦૦ (એર ચાર્જ રૂા.૫૦૦ વાર્ષિક ભરવાના રહેશે.), છુટક નકલ કિંમત રૂા.૧૦.૦૦

# ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી, સુરતની વાર્ષિક જનરલ મિટીંગ

ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી સુરતની ૬૮મી વાર્ષિક જનરલ મિટીંગ તા.૩૧/૦૧/૨૦૧૬ ના રવિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે (નવી) કોસાડી, તા.માંગરોલ, જી.સુરત મુકામે રાખવામાં આવી છે.

આ મિટીંગમાં સોસાયટીના પેટ્રન, વા.પેટ્રન, લાઇફ મેમ્બર, ગામેગામના પ્રતિનિધીઓ અને કો.ઓપ્ટ સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી છે.

## એજન્ડા

**કાર્ય -૧** ૬૭મી વાર્ષિક જનરલ મિટીંગની મીનીટ્સ જે વહોરા સમાચારના માર્ચ -૨૦૧૫ ના અંકમાં પ્રગટ કરવામાં આવી છે. તેને બહાલી આપવા બાબત.

**કાર્ય -૨** સને ૨૦૧૪-૨૦૧૫ નો સોસાયટીનો વાર્ષિક અહેવાલ વાંચનમા લઇ મંજૂરી આપવા બાબત.

**કાર્ય -૩** સને ૨૦૧૪-૨૦૧૫ ના ઓડીટ થયેલા હિસાબ અને રીપોર્ટ જે સર્વે સભ્યો સાહેબોને મોકલવામાં આવ્યો છે તેને મંજૂર કરવા બાબત.

**કાર્ય -૪** બોર્ડ ઓફ કાઉન્સિલે મંજૂર કરેલ ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષ માટેના અંદાજી બજેટને મંજુરી આપવા બાબત.

**કાર્ય -૫** એ સિવાય બંધારણની કલમ ૧૮-૨ અનુસાર આવ્યા હોય તે.

## બંધારણ કલમ : ૧૮-૨

વાર્ષિક જનરલ મિટીંગમાં બીજી કોઇ પણ બાબત ઓન. જન. સેક્રેટરીને ઓછામાં ઓછા ૮ દિવસ પહેલા લેખિત ખબર આપી ન હોય તે રજૂ કરવા દેવામાં આવશે નહીં સિવાય કે પ્રમુખ સાહેબની પરવાનગી મેળવી હોય.

સોસાયટીના દરેક મેમ્બરને સોસાયટીની કાર્યવાહી, હિસાબ અગર બજેટ એસ્ટીમેટ વિગેરે અંગે જે કાંઇ પ્રશ્ન કે ખુલાસો જોઇતો હોય તો સંસ્થાની ઓફીસે બંધારણની કલમ ૧૮-૨ સુચના અનુસાર લખી જણાવે. જેથી તે વિગત સહેલાઇથી એકઠી કરી શકાય અને સંબંધિત ચોપડા કે ફાઇલ પણ જરૂર પડયે રજુ કરી શકાય. પ્રશ્ન અગર ખુલાસો પૂછવામાં સંયમ જળવાય અને ભાષા પર કાબૂ રહે અને સોસાયટીને નુકશાન ન થાય તેની કાળજી રાખવી જરૂરી છે.

સલીમ એફ. પટેલ
પ્રમુખ
ધી સુ.સુ.વ.મુ.એજ્યુ.સોસાયટી, સુરત

તા.૩૧/૧૨/૨૦૧૫